## આણંદ, ખેડા અને મહિસાગર પોલીસ દ્વારા વિજયાદશમી પર્વે શસ્ત્ર પૂજન કરાયું


આણંદ


મહિસાગર


પેટલાદ


ખેડા



આણંદ જિલ્લા પોલીસ વડા ગૌરવ જસાણી, ખેડા જિલ્લા પોલીસ વડા વિજય પટેલ અને મહિસાગર જિલ્લા પોલીસ વડા સફીન હસન દ્વારા શાસ્ત્રોક્ત વિધિ અને પોલીસ વિભાગની પરંપરા મુજબ વિધિવત રીતે શસ્ત્રપૂજન કરવામાં આવ્યું હતું. ખેડા જિલ્લા પોલીસ વડા દ્વારા ડોગ સ્ક્વોડ અને અશ્વોનું પણ પૂજન કરવામાં આવ્યું હતું અને ખેડા કેમ્પ ખાતે તાલીમ લઈ રહેલા જવાનોને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

## ખલાડીમાં મહાશસ્ત્ર પૂજન કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૦

મહુધા તાલુકાના ખલાડી ગામે ખેડા જિલ્લા વીર ભાથીજી સેવા દળના ઉપક્રમે દશેરાના પર્વ નિમિત્તે મહાશસ્ત્ર પૂજનનો ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે રૂપપુરા ગુરુગાદી તથા ક્ષત્રિય વેદ સનાતન ધર્મ સમાજના આચાર્ય વિજયશંકર મહારાજ તેમજ ચુણેલના શંકરરામ આશ્રમના શંકરરામ મહારાજે ઉપસ્થિત શ્રદ્ધાળુઓને ધર્મ રક્ષા અને સંસ્કાર સિંચન માટે પ્રેરણા આપી હતી. આ કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ અમિત ચાવડા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ સમારંભમાં આગેવાનોએ સામાજિક ક્રાંતિનો સૂર ઉચ્ચારતા સમાજમાંથી વ્યસનનું દૂષણ જડમૂળથી દૂર કરવા આહ્વાન કર્યું હતું. આ ઉપરાંત, સમાજના યુવાનોને IAS અને IPS જેવા સર્વોચ્ચ હોદ્દાઓ પ્રાપ્ત કરવાં હાકલ કરી હતી.

## આણંદ, ખેડા અને મહિસાગર જિલ્લામાં વિજયાદશમી પર્વે ક્ષત્રિય સમાજ દ્વારા ઉત્સાહભેર સામૂહિક શસ્ત્ર પૂજન યોજાયું


કપડવંજ


ખેડા


ખાનપુર


નડિયાદ


વિરપુર


માતર

આણંદ, ખેડા અને મહિસાગર જિલ્લામાં વિજયાદશમીના પાવન પર્વે ક્ષત્રિય સમાજ દ્વારા પરંપરા મુજબ સામૂહિક શસ્ત્ર પૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શસ્ત્ર પૂજન પૂર્ણ કર્યા બાદ ક્ષત્રિયો 'જય શ્રી રામ', 'હર હર મહાદેવ' અને 'જય ભવાની'ના નારા લાગ્યાં હતાં. આ શસ્ત્ર પૂજનમાં ક્ષત્રિય આગેવાનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં એકઠા થઈને પૂજનમાં જોડાયા હતા. સમગ્ર પંથકના ક્ષત્રિય સમાજના લોકોએ મોટી સંખ્યામાં હાજરી આપી વિજયાદશમી પર્વે પૂજનનો લાભ લીધો હતો. મહીસાગર વન વિભાગના ખાનપુર રેન્જ ખાતે શસ્ત્ર પૂજન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. **તસવીર : હરિશ જોષી (કપડવંજ), ચિંતન પટેલ (લુણાવાડા), પ્રકાશ ઠાકોર (વીરપુર), પ્રજ્ઞેશ ભાવસાર (ખેડા), જશવંતસિંહ રાઠોડ (નડિયાદ)**

# આણંદ નજીક દશેરા નિમિત્તે રાવણના પૂતળાનું દહન કરાયું

### ઢોલ-દાંડિયાની રમઝટ સાથે શોભાયાત્રા નીકળી

(પ્રતિનિધિ) આણંદ તા.૨૦

આણંદ શહેર સહિત સમગ્ર જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં અધર્મ પર ધર્મના વિજયના પર્વ વિજયાદશમી (દશેરા) નિમિત્તે ભારે આસ્થા તથા ઉમંગપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે આણંદ નજીક આવેલા નાવલી ખાતે અરોરા-પંજાબી સમાજ દ્વારા રાવણ દહનના ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.



આણંદના અરોરા-પંજાબી સમાજ દ્વારા સમાજની ધર્મશાળા ખાતેથી એક ભવ્ય શોભાયાત્રા પ્રસ્થાન થઈ હતી. જેમાં પરંપરાગત પંજાબી ઢોલ અને દાંડિયાની રમઝટ સાથે યુવક-યુવતીઓ વિવિધ ધાર્મિક પાત્રોમાં સજ્જ થઈને જોડાયા હતા. રથ પર ભગવાન શ્રીરામ, લક્ષ્મણજી, શ્રીવિષ્ણુ, શ્રીકૃષ્ણ, મહાદેવ, ગણેશજી, નારદમુનિજી તેમજ ઋષિમુનિઓની સવારી નગરજનો માટે આકર્ષણનું કેન્દ્ર બની હતી.

આ શોભાયાત્રા અહિંસા ચોક, લક્ષ્મી ચાર રસ્તા, ગોપાલ ચાર રસ્તા અને સ્ટેશન રોડ થઈ નવા રામજી મંદિર પહોંચી હતી, જ્યાં ભગવાનની ઉત્સાહભેર આરતી ઉતારાઈ હતી. બાદમાં ગામડીવડ ચાર રસ્તા, કપાસિયા બજાર અને લોટીયા ભાગોળ થઈને યાત્રા નાવલી ગામે પહોંચી હતી. સાંજે 6:30 કલાકે શોભાયાત્રા નાવલી મેદાન ખાતે પહોંચી હતી. જ્યાં ઉપસ્થિત વિશાળ જનમેદની વચ્ચે રામ અને રાવણની સેના વચ્ચે પ્રતિકાત્મક યુદ્ધ ખેલાયું હતું. સાંજે 7 વાગ્યા બાદ રાવણ દહન કરવામાં આવ્યું હતું, જેની સાથે જ દારૂગોળાના ભવ્ય અવાજ અને આતશબાજીથી સમગ્ર મેદાન ગુંજી ઉઠ્યું હતું. આ રાવણ દહન નિમિત્તે મોટી સંખ્યામાં શહેરીજનો ઉમટી પડ્યાં હતાં.

# નડિયાદમાં ૫૧ ફૂટ ઊંચા રાવણના પૂતળાનું દહન

### સંતરામ મંદિરે દર્શન બાદ દશેરા પર્વની ઉજવણી કરાઇ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૦

નડિયાદ શહેરમાં વિજયાદશમીના પર્વ પર અસત્ય પર સત્યના વિજયના પ્રતીક રૂપે પરંપરાગત રીતે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શહેરમાં કાયમી વસવાટ કરતા પંજાબી સમાજ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ રાવણ દહન માટે ખાસ આયોજન કરવામાં આવ્યું હતું.

આ આયોજનના ભાગરૂપે પંજાબી સમાજના લોકો દ્વારા શહેરના મુખ્ય માર્ગો પરથી એક ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ શોભાયાત્રા નડિયાદના પ્રસિદ્ધ સંતરામ મંદિર ખાતે પહોંચી દર્શન કર્યા બાદ હેલીપેડ ગ્રાઉન્ડ તરફ આગળ



વધી હતી. હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે રાવણ દહન માટે અગાઉથી જ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી હતી, જ્યાં ૫૧ ફૂટ ઊંચાઈ ધરાવતા અને ૧૦ માથાવાળા રાવણના વિશાળ પૂતળાને ઊભું કરાયું હતું. પૂતળાને આકર્ષક બનાવવા માટે તેમાં લાલ રંગના કપડાં તથા અંદર મોટી માત્રામાં દારૂખાનું અને ફટાકડા ગોઠવવામાં આવ્યા હતા. નિયત સમયે રાવણ દહન કરવામાં આવતાં જ ફટાકડા ફૂટવા લાગ્યા હતા અને ભવ્ય આતશબાજીનો નજારો સર્જાયો હતો.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### ઉમરેઠના પણસોરા ખાતે કચ્છ કડવા પાટીદાર સમાજનો ગરબા ઉત્સવ યોજાયો



**આણંદ** | પણસોરા ગામે શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ દ્વારા આયોજિત ગરબા ઉત્સવમાં નવરાત્રીના નવમા નોરતે મા જગદંબાની મહાઆરતી ઉતારવામાં આવી હતી. આ પ્રસંગે ઉમરેઠના ધારાસભ્ય હર્ષદભાઈ પરમાર, આણંદ તાલુકા ભાજપ પ્રમુખ વિમલભાઈ પટેલ તથા સમાજના પ્રમુખ ભીમજીભાઈ પટેલ ભગત સહિતના આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉત્સવ દરમિયાન કુવારી કન્યાઓ દ્વારા કળશયાત્રા કાઢવામાં આવી હતી અને સમાજના આગેવાનોએ આમંત્રિતોનું પુષ્પહારથી બહુમાન કર્યું હતું. કચ્છ કડવા પાટીદાર સમાજના યુવાધને નવમા નોરતે મન મૂકીને ગરબાની ભવ્ય રમઝટ માણી હતી.

### ઓડના અંબાજી મંદિરે દશેરાની ઉજવણી રામાયણના પ્રસંગો સાથે ભવાઈ ભજવાઈ



**આણંદ** | ઓડ શહેરના સુપ્રસિદ્ધ શ્રી અંબાજી માતાના મંદિરે દશેરા નિમિત્તે પહાડ ગામના શ્રી મહાકાળી ભવાઈ યુવક મંડળ દ્વારા ભવાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. ભવાઈ દરમિયાન જટાયુ વધ, સીતા હરણ, રામ-રાવણ યુદ્ધ, હનુમાનજી-લક્ષ્મણની વીરતા અને રામ-સીતાના અયોધ્યા આગમન જેવા રામાયણના પ્રસંગો ભજવવામાં આવ્યા હતા. મંદિર પરિસરમાં ભાવિક ભક્તોની ભારે ભીડ વચ્ચે અંબાજી મંદિર સહિત કુલ પાંચ સ્થળોએ કંકુના થાપા મારી ઉત્સવ ઉજવાયો હતો. દશેરાની શ્રદ્ધાપૂર્વક ઉજવણી બાદ મંદિરના આયોજકો દ્વારા મહાકાળી ભવાઈ મંડળની કામગીરીની પ્રશંસા કરી હતી.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### આણંદ શહેરની અમૂલ્ય સિનિયર સિટીઝન ક્લબ દ્વારા વાર્તાલાપ યોજાયો




**આણંદ** | અમૂલ્ય સિનિયર સિટીઝન કલબ દ્વારા સંસ્થાના પ્રમુખ જયંતિભાઈ આર. શાહના અધ્યક્ષસ્થાને 'મારા જીવનમાં શી સંભાવના રહેલી છે' વિષય પર વાર્તાલાપ કાર્યક્રમનું દીપ પ્રગટાવીને શુભારંભ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં પ્રમુખ જયંતીભાઈ શાહે સ્વાગત પ્રવચન કરી સંસ્થાગત પ્રવૃત્તિઓને બિરદાવી હતી અને ડો. અનિલભાઈ ગાંધીએ ઉપસ્થિત મહેમાનોનો પરિચય આપ્યો હતો. મુખ્ય વક્તા ચૈતન્યભાઈ સંઘાણીએ માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે પરમાત્માએ દરેકમાં અનંત સંભાવનાઓ મૂકી છે અને જીવનમાં વિવેક અત્યંત આવશ્યક છે. આ પ્રસંગે જન્મદિવસ ધરાવતા સભ્યોનું સ્મૃતિભેટ આપી સન્માન કરાયું હતું, જ્યારે નરેન્દ્રભાઈ શાહે સંચાલન અને શંકરલાલ મંડોરાએ આભારવિધિ કરી હતી.

### કપડવંજમાં દશેરા પર્વે ક્ષત્રિય સમાજ નૂતન ભવનનું ખાતમુહૂર્ત સંપન્ન કરાયો



**કપડવંજ** | કપડવંજ તાલુકા સમસ્ત ક્ષત્રિય સમાજ અને યુવા કમિટી ટીમ દ્વારા દશેરા પર્વ નિમિત્તે ક્ષત્રિય સમાજના નૂતન ભવનનું ખાતમુહૂર્ત યોજાયું હતું. અગ્રણીઓની ઉપસ્થિતિ: આ પ્રસંગે ડાકોર દંડી આશ્રમના વિજય દાસજી મહારાજ, ખેડા સાંસદ દેવુસિંહ ચૌહાણ, કપડવંજ ધારાસભ્ય રાજેશ ઝાલા અને અમૂલ ડિરેક્ટર ગેલાજી ઉપસ્થિત રહ્યા હતા. આ ભવન માટે જમીન દાન કરનાર ક્ષત્રિય આગેવાન ચેતનસિંહ પરમારનું સમાજના અગ્રણીઓ દ્વારા વિશેષ બહુમાન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન ક્ષત્રિય સમાજના લોકોએ દાનની ગંગા વહેવડાવી હતી, જેમાં સમાજના અનેક આગેવાનો અને યુવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

### કપડવંજમાં દશેરા પર્વ નિમિત્તે ક્ષત્રિય સમાજ દ્વારા ભવ્ય શોભાયાત્રા અને શસ્ત્ર પૂજન યોજાયું



**કપડવંજ** | કપડવંજ તાલુકા સમસ્ત ક્ષત્રિય સમાજની યુવા કમિટી દ્વારા દશેરા પર્વે પરંપરાગત પોશાકમાં ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરાયું હતું. ગોકુલધામ સોસાયટી ખાતે નવનિર્મિત થનાર ક્ષત્રિય સમાજ ભવન પરિસરમાં મહા શસ્ત્ર પૂજનનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ડાકોર દંડી આશ્રમના વિજય દાસજી મહારાજ, ખેડા સાંસદ દેવુસિંહ ચૌહાણ અને અમૂલ ડિરેક્ટર ગેલાજી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ક્ષત્રિય સમાજના વરિષ્ઠ આગેવાનો તેમજ મોટી સંખ્યામાં યુવાનો ઉત્સાહભેર જોડાયા હતા.

### વ્યાસવાસણા શાળામાં સરસ્વતી સાધના યોજના હેઠળ વિદ્યાર્થીનીઓને સાયકલ વિતરણ કરાઇ



**કપડવંજ** | કપડવંજના વ્યાસવાસણા ખાતે વ્યાસવાસણા કેળવણી મંડળ સંચાલિત એસ.આઈ.પટેલ ઈપ્કોવાળા વિદ્યાલયમાં સરસ્વતી સાધના યોજના અંતર્ગત વિદ્યાર્થીનીઓ માટે સાયકલ વિતરણ સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે કપડવંજના ધારાસભ્ય રાજેશ ઝાલા, તાલુકા પંચાયત પ્રમુખ જે. કે. પરમાર અને સરપંચ કેતન પટેલ સહિતના સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સમારોહમાં કેળવણી મંડળના પ્રમુખ કનુભાઈ પટેલ, આચાર્ય મહેશ પટેલ, શિક્ષકો, વાલીઓ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓ હાજર રહી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના શિક્ષકગણ દ્વારા કરવામાં આવ્યું હતું.

### આણંદના ચાવડાપુરા ખાતે નિત્ય સહાયક માતા મરિયમનો 16મો ભક્તિ મેળો યોજાયો




**આણંદ** | આણંદના ચાવડાપુરા ખાતે દશેરાના પવિત્ર દિવસે નિત્ય સહાયક માતા મરિયમ દેવાલયનો 16મો ભક્તિ મેળો શ્રદ્ધાભેર યોજાયો હતો. મેરી લેન્ડ સોસાયટીથી ચર્ચ સુધી સરઘસ કાઢવામાં આવ્યું હતું, ત્યારબાદ ફાધર ફ્રાંસીસ પરમાર દ્વારા ભવ્ય પાવન ખ્રિસ્ત યજ્ઞ અર્પણ કરાયો હતો. ફાધર ફ્રાંસીસ પરમારે માનવજીવનમાં શાંતિ અને સાચી દિશા મેળવવા માતા મરિયમના જીવનમાંથી પ્રેમ, સમર્પણ અને નિસ્વાર્થ સેવાનો ભાવ કેળવવા આહ્વાન કર્યું હતું. આ વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર ધર્મજનોનું ફાધરના હસ્તે બહુમાન કરવામાં આવ્યું હતું તથા 25 જેટલા ધર્મગુરુઓ, 25 સિસ્ટરો અને મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ હાજર રહ્યા હતા.

### કરમસદ સ્થિત શ્રીકૃષ્ણ હોસ્પિટલની 'હેલ્ધી હાર્ટ વોકેથોન'માં લોકો ઉત્સાહભેર જોડાયા



**આણંદ** | કરમસદ સ્થિત શ્રીકૃષ્ણ હોસ્પિટલના ભાનુભાઈ અને મધુબેન પટેલ કાર્ડિયાક સેન્ટરના 18મા સ્થાપના દિવસ નિમિત્તે 10મી 'હેલ્ધી હાર્ટ વોકેથોન 2026'નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. વલ્લભ વિદ્યાનગરની નલિની આર્ટ્સ કોલેજથી આણંદ ટાઉન હોલ સુધી યોજાયેલી 3 કિલોમીટરની આ વોકેથોનમાં અઢી હજારથી વધુ નાગરિકોએ ભાગ લઈ હૃદયની સંભાળનો સંદેશ આપ્યો હતો. આ પ્રસંગે ચરોતર આરોગ્ય મંડળના પદાધિકારી, તબીબો જોડાયાં હતાં.

### ગોધર તાલુકામાં 'કૃષિ સખી' શિબિરમાં પ્રાકૃતિક ખેતીની તાલીમ આપવામાં આવી



**સંતરામપુર** | ગોધર તાલુકામાં ગ્રામીણ મહિલાઓને કૃષિ ક્ષેત્રે આત્મનિર્ભર બનાવી અર્થતંત્રને નવી દિશા આપવાના હેતુથી 3 દિવસીય 'કૃષિ સખી' તાલીમ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો. આ શિબિરમાં મહિલાઓને રાસાયણિક મુક્ત પ્રાકૃતિક ખેતી, જીવામૃત તથા દેશી ખાતર વ્યવસ્થાપન અને ખેતી ખર્ચ ઘટાડવાની પદ્ધતિઓ અંગે તજજ્ઞો દ્વારા પ્રાયોગિક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આ ઉપરાંત, ઉપસ્થિત બહેનોને રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂત કલ્યાણ અર્થે અમલી વિવિધ યોજનાઓ, સબસિડી અને આર્થિક સહાય અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

### ચારુસેટની વિદ્યાર્થિની રાધિકા ધોળકિયાને રૂ. એક લાખની સ્ટુડન્ટ ફેલોશીપ એનાયત



**આણંદ** | ચારુસેટ યુનિવર્સિટી (CMPICA) ની MCA ની વિદ્યાર્થિની રાધિકા ધોળકિયાને ભારત સરકારના MeitY મંત્રાલયની ઇન્ડિયા એઆઈ પહેલ હેઠળ રૂ. એક લાખની ઇન્ડિયા એઆઈ સ્ટુડન્ટ ફેલોશીપ એનાયત કરવામાં આવી છે. તેમને આ પ્રતિષ્ઠિત ફેલોશિપ તેમના ઇનોવેશન પ્રોજેક્ટ માટે પ્રાપ્ત થઈ છે. આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ્ય AI આધારિત બહુભાષી સિમ્યુલેટરથી ડ્રોન ટ્રેનિંગ સુલભ બનાવી મહિલા સશક્તિકરણ અને કૌશલ્ય વિકાસને વેગ આપવાનો છે. પ્રોફેસર ડો. સંસ્કૃતિ પટેલ અને પ્રો. રોનેશ ગંગવાનીના માર્ગદર્શન હેઠળ તૈયાર કરાયેલા આ પ્રોજેક્ટની અરજીને ઇન્ડિયા એઆઈ ટીમ દ્વારા સત્તાવાર મંજૂરી આપવામાં આવી છે.

### આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા કૃષિ ઇજનેરી મહાવિદ્યાલયમાં રેગિંગ અંગે કાર્યક્રમ યોજાયો




**આણંદ** | આણંદ કૃષિ યુનિવર્સિટી સંચાલિત કૃષિ ઇજનેરી અને ટેક્નોલોજી મહાવિદ્યાલય, ગોધરા ખાતે ગોધરા એ ડિવિઝન પોલીસ સ્ટેશન દ્વારા રેગિંગ વિરોધી જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને રેગિંગના દુષ્પરિણામો, કાયદાકીય જોગવાઈઓ અને ફરિયાદ નોંધાવવાની પ્રક્રિયા સમજાવી સંસ્થાનમાં રેગિંગમુક્ત વાતાવરણ જાળવવાનો હતો. મહિલા પોલીસ કોન્સ્ટેબલ સેમાબેને રેગિંગની વ્યાખ્યા, સજાની જોગવાઈઓ અને તેના નિવારણના ઉપાયો અંગે વિદ્યાર્થીઓને વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ઇન્ચાર્જ આચાર્ય ડો. પંકજ ગુપ્તાના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં પોલીસ અધિકારીઓ, અધ્યાપકગણ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.